**જાહેરનામું**

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૬/૨૦૨૬,**

**તા.૧૯/૨/૨૦૨૬**

હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) થી મળેલ સત્તા અન્વયે અમદાવાદ શહેરના અમરાઈવાડી ખાતે જોગમાયાનગર અને મહાલક્ષ્મીનગરથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવવાના માર્ગ ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા પોલીસ આવાસોનું બાંધકામ શરુ કરવામાં આવનાર હોય જેથી આ જગ્યા ખાતેથી પસાર થતા રાહદારી અને મુસાફરી કરતાં નાગરીકો સહીત જાહેર જનતાને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં અમરાઈવાડી ખાતે પોલીસ આવાસો કક્ષા બી-૨૪૦ ( બી+પી+૧૦) તથા સી-૨૮ (પી+૭) આવાસોનું બાંધકામ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા શરુ કરવામાં આવનાર છે. સદર પોલીસ લાઇનમાં હયાત તમામ જમીન ઉપર તમામ મકાનોના બેઝમેન્ટ સહિત બાંધકામ હાથ ધરવામાં આવનાર છે. આ બાંધકામ સારુ ઈજારદારશ્રી દ્વારા માલસામાન જેવી કે, રેતી,કપચી,સ્ટીલ તથા આર.એમ.સી. પ્લાન્ટ (કોન્ક્રીટ મીક્ષીંગ પ્લાન્ટ) પણ ઈન્સ્ટોલ કરવામાં આવનાર છે. સદર જોગમાયાનગર અને મહાલક્ષ્મીનગરથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવવાના રોડ પરથી જો વાહન વ્યવહાર ચાલુ રાખવામાં આવે તો બાંધકામના કારણે અકસ્માત થવાની સંભાવના રહેલી છે. જેથી નાગરિકોની સુરક્ષા માટે તેમજ બાંધકામ માટે જરૂરી જગ્યાના અભાવના કારણે નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| **અનં.** | **રાહદારી તથા વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ** | **વૈકલ્પિક માર્ગની વિગત** |
|---|---|---|
| ૧. | અમદાવાદ શહેરના અમરાઈવાડી ખાતે જોગમાયાનગર અને મહાલક્ષ્મીનગરથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવવાનો માર્ગ રાહદારી તથા વાહન વ્યવહારની અવર જવર માટે બંધ રહેશે. | • જોગમાયાનગર અને મહાલક્ષ્મીનગરના આવાસના મકાનના રહિશો તેમની સોસાયટીના પાછળના દરવાજાનો ઉપયોગ કરી શકે છે.<br>• ગુલાબનગર અને એપરલ પાર્ક અમરાઈવાડી પોલીસ સ્ટેશન આવતા વાહનો સરસ્વતી ગૃપ ટ્યુશનથી જમણી બાજુ વળી જોગણી માતાના મંદિર પાસેથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવી શકે છે.<br>• સ્વસ્તિક ચાર રસ્તા તરફથી આવતા વાહનો અમરાઈવાડી પોસ્ટ ઓફિસથી જમણી બાજુ વળી જોગણી માતાના મંદિર પાસેથી અમરાઈવાડી પોલીસ સ્ટેશન તરફ આવી શકે છે. |

**અપવાદ :** ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૨૦/૨/૨૦૨૬ થી તા.૧૯/૨/૨૦૨૮ સુધી (૨-વર્ષ સુધી)** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૧૯/૨/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૧૯/૨/૨૦૨૬
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

( જી.એસ.મલિક )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિદ્ધ કરવા સારૂં. ( E-mail : **gogpress-vad@gujarat.gov.in** )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.